# નોર્થ ગુજરાત એગ્રો પ્રોડ્યુસર કંપની લી.

**૨૩, શાંતિનિકેતન સોસાયટી,** એગોલા રોડ, હનુમાન ટેકરી, પાલનપુર - ૩૮૫૦૦૧.

ફોન (ઓ) : ૦૨૭૪૨-૨૫૯૭૩૯, E-mail : ngapcl@gmail.com


---

## પુર્વ ભૂમિકા

ઉત્તર ગુજરાત ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં ગુજરાતમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. નીચે જતાં ભૂગર્ભ જળ, વધારે પડતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વપરાશથી ઘટી ગયેલી જમીનની ફળદ્રુપતા જેવા પ્રશ્નોથી આ વિસ્તારનાં ખેડૂતો ઘેરાયેલાં છે. જમીનનાં પોષક તત્વો જાળવવાના ઉપાયો અને સિંચાઇના પાણી નો કાર્યક્ષમ અને વ્યવહારુ ઉપયોગ થાય અને તેનાથી જમીનની ઉત્પાદન ક્ષમતા વધે તો જ લોકો ના જીવનધોરણમાં બદલાવ આવી શકે તેમ છે. ખેડૂતો પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે સુક્ષ્મ પિયત પદ્ધતિઓ અપનાવે તથા પાણીનું ઉચ્ચ મૂલ્ય આંકતા બાગાયતી પાકો અને શાકભાજી વર્ગના પાકોના વાવેતર કરે તે માટે સોસાયટી ફોર ઇન્ટીગ્રેટેડ લેન્ડ એન્ડ વોટર મેનેજમેન્ટ (SOFILWM) અને તેની સહભાગી સંસ્થાઓ શ્રી મ.ગ. પટેલ સર્વોદય કેન્દ્રઅને કોહેઝન ફાઉન્ડેશન ટ્રસ્ટે કરેલાં એકધારા પ્રયાસોનાં પરિણામો ઉત્સાહવર્ધક જણાયા છે. પરિણામે હવે ખેડૂતો પરંપરાગત ચીલાચાલુ પાકોના બદલે પાણીના કાર્યક્ષમ વપરાશ ધરાવતાં અને ઉંચી/ વધારે આવક રળી આપે તેવા પાકોના વાવેતર તરફ વળ્યા છે. તેમણે બાગાયતી પાકો, શાકભાજી વર્ગ ના પાકો અને રોકડિયા પાકોમાં જૂદી જૂદી સુક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવી છે.

ખેતી અને તેની આનુષંગિક પ્રવૃતિઓમાં દેશની ૭૦% ગ્રામિણ વસ્તી જોડાયેલી છે આમ છતાં ગરીબ લોકોની રોજગારીની બાબતમાં પૂરતું લક્ષ્ય આપવામાં આવતું નથી તે પણ એક હકીકત છે. નાના અને સીમાંત ખેડૂતોને સારું બજાર મળે અને તેમની પેદાશોના પોષણક્ષમ ભાવ મળે તેવી સુગઠિત વ્યવસ્થાઓનો સદંતર અભાવ જોવા મળે છે. ખેતપેદાશ ખેડૂત પાસેથી ગ્રાહકના હાથમાં પહોચેં ત્યાં સુધીમાં કેટલાંય વચેટીયા લાભ ખાટી જાય છે. ઉત્પાદક મહેનત કરી ને તૂટી જાય તો પણ તેને સારા ભાવ મળતા નથી. એનું એક કારણ એ છે કે ખેડૂતો સંગઠિત નથી. વળી બજાર પણ મોટા વગ વાળા, પૈસાદાર અને સાધનસંપન્ન લોકો દ્વારા ચાલે છે.

## કંપની શા માટે ?

ખેડૂતોને રોકડિયા પાકો અને તેલીબીયાના પાકોના વેચાણ માટે તાલુકા અને જીલ્લા સ્તરે યોગ્ય બજાર વ્યવસ્થા મળી રહે છે. તેની સામે ઝડપથી બગડી જાય એવા બાગાયતી અને શાકભાજીના પાકોના વેચાણ માટે દૂર દૂર ના બજાર માં એકલ દોકલ જવાનું અને યોગ્ય ભાવો મેળવવાનું ખેડૂત માટે મુશ્કેલ રૂપ હોય છે. આ પ્રશ્નના નકકર હલ માટે ખેડૂતોની એકધારી રજૂઆતોને દયાનમાં રાખીને સોસાયટી ફોર ઇન્ટીગ્રેટેડ લેન્ડ એન્ડ વોટર મેનેજમેન્ટ (SOFILWM) અને તેની સહભાગી સંસ્થાઓએ સાથે મળીને નોર્થ ગુજરાત એગ્રો પ્રોડયુસર કંપની લિમીટેડ નામ ની કંપનીની રચના કરી છે. આ કંપનીનું પ્રારંભિક કામકાજગોઠવવા સોસાયટી ફોર ઇન્ટીગ્રેટેડ લેન્ડ એન્ડ વોટર મેનેજમેન્ટે (SOFILWM) મુંબઇ સ્થિત સર રતન તાતા ટસ્ટ પાસેથી નાણાંકીય સહાયતા લાવવામાં સક્રિય ભૂમિકા ભજવી છે.

આ કંપનીની રચના કંપની ધારા, ૧૯૫૬ હેઠળ જૂન ૨૦૦૭ માં કરવામાં આવી છે. આ કંપની કોઇ પણ પ્રકારનાં સહકારી માળખા કે સંગઠન થી અલગ પ્રકારનું સ્વરૂપ ધરાવે છે. આ કંપનીમાં સભ્ય ( શેર હોલ્ડર )બનવા માટે પાયાની શરત એ છે કે તે ઉત્તર ગુજરાતનો ખેડૂત હોવો જોઇએ, કંપનીમાં દરેકે દરેક શેર હોલ્ડરના સમાન શેર અને સમાન પ્રતિનિધિત્વ છે. એટલે કે , ઉત્તર ગુજરાત નો કોઇ પણ ખેડૂત ૧૦૦ રુપીઆના પાંચ શેર લઇ આ કંપની માં જોડાઇ શકે છે. હાલ આ કંપનીમાં ઉત્તર ગુજરાતના પાલનપુર , દાંતા, પાટણ, મહેસાણા, અમીરગઢ, સિદ્ધપૂર, દાંતીવાડા, સમી,ડીસા, વડગામ, કાંકરેજ, દિઓદર અને ધાનેરા એમ ૧૩ તાલુકામાંથી ૨૫૦ ખેડૂતો શેર હોલ્ડર છે અને દરેક તાલુકા ના એક એક પ્રતિનિધિ આ કંપનીના ડાયરેકટર છે. કંપનીમાં તાલુકાવાર ૧૩ ડાયરેકટર સિવાય મોટા તાલુકામાંથી બીજા ૮ મદદનીશ ડાયરેકટર , ટેકનીકલ ડાયરેકટર અને ૨ આમંત્રિત ડાયરેકટર છે.

## કંપનીનું માળખું




### હેતુ

- કંપનીના શેર ધારકોને સારા ખાતરીબંધ અને વ્યાજબી ભાવનાં બિયારણ / રોપા, ખાતર, દવાઓ તથા યાંત્રિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં મદદ કરવી.
- ખેત પેદાશની ગુણવત્તા સુધારવી.
- પાકોના ઉત્પાદન પહેલાં અને પછીના તબકકામાં સહાયતા કરવી.
- તકનીકી માર્ગદર્શન આપવું.
- માલના વેચાણ માટે સારી બજાર વ્યવસ્થા કરી આપવી.
- તાલીમ, પ્રેરણા પ્રવાસ, મીટીંગો દવારા શેર ધારકો અને ડાયરેકટર્સ ની કાર્યક્ષમતાવર્ધન કરવું.

### કાર્યવાહી

કંપનીએ સૌ પ્રથમ દાડમ નું વાવેતર કરેલા ખેડૂતો માટે ઉત્તર ગુજરાતમાં કામગીરીની શરુઆત કરી છે. આ કામગીરી અંતર્ગત નીચેની પ્રવૃતિઓ અત્યાર સુધી હાથ ધરી છે.

- દાડમ ના રોપાની કિંમત રૂ.૧૫/- થી નીચે લાવી રૂ.૯/- ના ભાવે રોપા અપાવ્યા.
- રાસાયણિક ખાતરો અને દવાઓ બજાર ભાવ કરતાં ઓછી કિંમતે કંપનીના માદયમથી ખેડૂતો ને ઉપલબ્ધ કરાવ્યાં.
- દાડમ ના પાકની સારી ગુણવત્તા થાય એ માટે ખેડૂતોને ગુજરાત તથા મહારાષ્ટ્રમાં પ્રેરણા પ્રવાસ, તાલીમ, સંકલન મીટીંગો, પાક ના નિષણાંત ની મુલાકાત, દાડમના રોપા નું કટીંગ અને અન્ય ટેકનીકલ માહિતી ઉપલબ્ધ કરાવી.
- પાવર સ્પ્રેઅર અને અન્ય સાધનોની મોટા જથ્થામાં એક સાથે ખરીદી થતાં ભાવમાં ઘટાડો થયો.
- કંપની ના સભ્યો ને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરી આ યોજનાઓ તેમના સુધી પહોંચે એ માટે સરકારી ખાતાઓ સાથે સંકલનની કામગીરી સક્રિયપણે હાથ ધરાઇ.

### ભવિષ્યનું આયોજન

- કંપનીની સભ્ય સંખ્યા વધારવી.
- બજારમાં કંપનીના નામ ની ઓળખ ઉભી કરવી.
- માલની કવોલિટી જાળવી રાખવી.
- સજીવ ખેતી તરફ લક્ષ્ય આપવું.
- ઉત્પાદન લેતાં પહેલાં (વાવણી થી કાપણી સુધી)અને તે પછીનાં દરેક (માલ કાપણીથી બજાર માં પહોંચે ત્યાં સુધીના)પગથિયાં મજબૂત બનાવવાં.
- માલ બજારમાં મૂકવા યોગ્ય બનાવવા માટેની તમામ સવલતો જેમકે,ગ્રેડિંગ ,પેકેજીંગ,સ્ટોરેજ, વાહન વ્યવહાર વગેરેની વ્યવસ્થા કરવી.
- માલ વેચવામાં મદદ કરવી તથા ઊંચા બજાર ભાવો મળે તેવા પ્રયત્નો કરવા.
- માલમાં મૂલ્યવર્ધન કરી વધારે આવક/ નફો મળે એવા પ્રયત્નો કરવાં.
- કંપનીને સ્વનિર્ભર બનાવવા માટે પ્રયત્નો કરવા.